કા. સ. ઠ. નં.-૨૬૨ / તા.:૦૪-૦૨- ૨૦૨૩.

..........................................................................................................................

<u>કામ નં.-૬.</u>

<u>વિષય</u> :-

સને:૨૦૨૩-૨૪ના વર્ષ માટે નગરપાલિકા હદ વિસ્તારમાં જે તે પ્રકારના વિકાસલક્ષી કામો તેમજ નગરપાલિકા સ્વભંડોળના કામોના એસ્ટીમેઈટ બનાવવા, તાંત્રિક તેમજ વહીવટી મંજુરી મેળવવા, ટેન્ડર બનાવી અપલોડ કરવાની કામગીરી, તેમજ કામગીરીના સ્થળ ઉપર ફૂલ ટાઇમ સુપરવિઝન તેમજ બીલીંગ, વિગેરે કામગીરી કરવા માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડર બનાવવાના કામે આવેલ ટેન્ડર અન્વયે નિર્ણય થવા બાબત..(ટેન્ડર આઈ.ડી.નં.૫૭૦૧૨૩)

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, સને:૨૦૨૩-૨૪ના વર્ષ માટે નગરપાલિકા હદ વિસ્તારમાં જે તે પ્રકારના વિકાસલક્ષી કામો તેમજ નગરપાલિકા સ્વભંડોળના કામોના એસ્ટીમેઈટ બનાવવા, તાંત્રિક તેમજ વહીવટી મંજુરી મેળવવા, ટેન્ડર બનાવી અપલોડ કરવાની કામગીરી, તેમજ કામગીરીના સ્થળ ઉપર ફૂલ ટાઇમ સુપરવિઝન તેમજ બીલીંગ, વિગેરે કામગીરી કરવા માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડર બનાવવાના કામે આવેલ ટેન્ડર અન્વયેના કામે ચર્ચા-વિચારણા કરતાં સદરહું કામના કન્સલ્ટન્ટના પ્રેઝેન્ટેશન થયે પછી જરૂરી નિર્ણય અર્થે જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૬૩ / તા.:0૪-0૨- ૨0૨૩.

.........................................................................................................................................

વ.કા.નં.-૧.

વિષય :- કમિશ્નર, મ્યુનીસીપાલીટી એડમિનિસ્ટ્રેશનની કચેરી,ગાંધીનગરના પરિપત્ર નં.કમિ.મ્યુની.ન.પા.વ /પ્રોવયો/૨0૨૩ તા.: /0૧/૨0૨૩ના પત્ર મુજબ ગુજરાત રાજ્યની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ “ આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના “ દાખલ કરવા બાબતના આવેલ પત્ર અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

ઠરાવ.:

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, હાલમાં ગુજરાત સરકારશ્રી દ્વારા “ આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના“ ની સ્કીમ અમલમાં મુકવામાં આવી છે. જેમાં પાછલી બાકી ટેક્ષ ઉપર નોટીશ ફી / વ્યાજ / પેનલ્ટી / વોરંટ ફી પેટેની રકમ ૧00% માફ કરવાની સ્કીમ અમલમાં મુકવામાં આવી છે. તા.:૩૧ /0૩/૨0૨૩ સુધીમાં અગાઉના વર્ષોની પાછલી બાકી રકમ ઉપર નોટીશ ફી / વ્યાજ / પેનલ્ટી / વોરંટ ફીની રકમ ૧00% માફ કરવાની રહેશે.

વધુમાં સરકારશ્રીના પરિપત્ર નં.કમિ. મ્યુની.ન.પા.વ/પ્રોવયો/૨0૨૩તા.: /0૧/૨0૨૩ના પત્રથી આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના અમલમાં મુકવામાં આવેલ છે. તેમાં સને ૨0૨૩-૨૪ ના વર્ષ માટે ચાલુ વર્ષના વેરાની કુલ રકમ તા.:0૧/0૪/૨0૨૩ થી તા.:૩0/0૬/૨0૨૩ સુધીમાં એડવાન્સ ભરપાઈ કરવામાં આવે તો ૧0% વળતર મળવાપાત્ર રહેશે તેમજ મોબાઈલ એપ કે ઈ-નગરના ઓનલાઈન પોર્ટલ મારફતે તા.:૩0/0૬/૨0૨૩ સુધીમાં ભરપાઈ કરવામાં આવે તો વધુ ૫%વળતર મળવાપાત્ર રહેશે. જે અંગેના કમિશ્નરશ્રી,,મ્યુનીસીપાલીટી એડમિનિસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગરના પરિપત્ર નં. કમિ. મ્યુની./ન.પા.વ/ પ્રોવયો / ૨0૨૩ તા.: /0૧/૨0૨૩ના પત્ર મુજબ, ગુજરાત રાજ્યની નગરપાલિકાઓમાં કરવેરા

કા. સ. ઠ. નં.-૨૬૪ / તા.:0૪-0૨- ૨0૨૩.

.................................................................................................................................

<u>વ.કા.નં.-૨.</u>

<u>વિષય</u> :-૧૫માં નાણાપંચ યોજના અન્વયે વલસાડ નગરપાલિકા દ્વારા પાણી પુરવઠાના કામે કરવામાં આવેલ ટેન્ડરો ઉચાભાવ આવેલ હોય જેને ધ્યાને લઇ પાણી પુરવઠા માટે પસંદ કરવામાં આવેલ ડી.આઈ.કે -૭ જેમાં ૧૦૦ એમ.એમ.તથા ૧૫૦ એમ.એમ.ડાયાની જગ્યાએ એચ.ડી.પી.ઈ.પાઈપમાં તબદીલ કરી ખર્ચ ઘટાડવા બાબતના આવેલ કામ અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, વલસાડ નગરપાલિકા વલસાડ દવારા૧૫માં નાણાપંચ યોજના અન્વયે પાણી પુરવઠાના કામે વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જુદી જુદી જગ્યાઓ માટે પાઈપ લાઈન નાખવાનું આયોજન કરવામાં આવેલ હતું તે મુજબ નગરપાલિકા દવારા નિયમોનુસાર કાર્યવાહી કરી તાંત્રિક મંજુરી  તથા વહીવટી મંજુરી મેળવી સદરહું કામ અન્વયે દૈનિક પેપરમાં જાહેરાત આપી કામગીરી કરવા માટે ટેન્ડર જાહેરાત આપી ટેન્ડરો મંગાવવાની કાર્યવાહી અત્રેની કચેરી દવારા પૂર્ણ કરવામાં આવેલ છે. સદરહું ટેન્ડર જાહેરાત અન્વયે કુલ-0૩ જેટલાં ટેન્ડરો આવેલ છે. જેના ભાવોનું તુલનાત્મક પત્રક તેમજ સ્થાનિક બજારના ભાવોની સરખામણી કરતાં સદરહું આવેલ ભાવો ૩૩% થી ૪0% જેટલાં ઉંચા ભાવો આવેલ હોય જેને ધ્યાને લઇ સરકારશ્રીના નિયમોનુસાર વધારાનો ખર્ચ નગરપાલિકાના સ્વભંડોળમાંથી કરવાનો હોય જેને ધ્યાને લઇ  સદરહું ખર્ચ બચાવવા માટે ટેન્ડરમાં દર્શાવેલ ડી.આઈ.કે-૭ જેમાં ૧૦૦એમ.એમ.તથા ૧૫0 એમ.એમ.ડાયાની જગ્યાએ એચ.ડી.પી.ઈ.પાઈપમાં તબદીલ કરવામાં આવેલ તો ઉપરોક્ત જણાવેલ વધારાનો ખર્ચમાંથી મુક્તિ મળી શકે તેમ છે. જેને ધ્યાને લઇ વારિગૃહ ઈજનેરશ્રી, વલસાડ નગરપાલિકાના રીપોર્ટમાં અનુસંધાન મુદ્દા નં. (૧) થી

કા. સ. ઠ. નં.-૨૬૫ તા.:૦૪-૦૨- ૨૦૨૩.

........................................................................................................................................

વ.કા.નં.-૩.

વિષય :- આરોગ્ય શાખાના સફાઈ કામદાર જમનાબેન સુમનભાઈ તા.:૨૮/૨/૨૦૨૨ ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત થયેલ હોય, તેમની હક્કરજા તથા મેડીકલ રજાનું રોકડમાં ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

ઠરાવ.:

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, આરોગ્ય શાખાના વાલ્મીકી સ્ત્રી સફાઈ કામદાર જમનાબેન સુમનભાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા.જેઓ તા.:૨૮/૦૨/૨૦૨૨ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત થયેલ હોય, વહીવટી આવક નંબર : ૪૨૮ / તા.:૨૨/૦૪/૨૦૨૨ થી હક્કરજાના પગારની માંગણી કરેલ હોય જેઓની સર્વિસ બુકની ચકાસણી કરતાં હક્ક રજા ૯૫ જમા છે. અને મેડીકલ રજા ૧૧૨ જમા છે જે નિયમ મુજબ મેડીકલ રજા ૧૧૨ ના ૨૫% રજા એટલે કે ૨૮ રજા હક્ક રજામાં મર્જ કરી કર્મચારીની હક્ક રજા ૯૫+૨૮ મેડીકલ રજા મળી કુલ-૧૨૩ રજાનું રોકડમાં ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૬૯ / તા.:૦૪-૦૨- ૨૦૨૩.

..................................................................................................................

<u>વ.કા.નં.-૭ .</u>

<u>વિષય</u> :- SJMMSVY-UDP-88 2021-22, હેઠળ એજન્સી આદ્યશક્તિ એન્જીનીયરીંગ વર્કસ, પારડીની વ.ન.પા.હદ વિસ્તારમાં વરસાદી ગટર તેમજ ડ્રેનેજ લાઈન નાખવાના કામની, કામગીરીની મુદ્દત વધારાનું કામ બાબતે જરૂરી નિર્ણય થવા બાબત...

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, નામદાર સરકારશ્રીની SJMMSVY-UDP-88, 2021-22,હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વરસાદી ગટર તેમજ ડ્રેનેજ લાઈન નાખવાના કામે, એજન્સી આદ્યશક્તિ એન્જીનીયરીંગ વર્કસ, પારડીનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ હતું. સદરહું એજન્સીની તા.:૧૦/૦૧/૨૦૨૩ ની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ સ્થળ ઉપર કામગીરી કરવા માટેના રસ્તામાં સ્થાનિક લોકોના ખેતરમાંથી જવાનું હોય અને સદર જમીનમાં હાલે પાણી હોવાથી જમીન નરમ હોય માલસામાનના વાહનો જઈ શકે એમ નથી. જેથી સ્થળ ઉપર કામગીરી થયેલ નથી. જેથી એજન્સી દવારા તા.:૩૧-૦૩-૨૦૨૩ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની શરતે મુદતમાં વધારો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૭૫ / તા.:0૪-0૨- ૨0૨૩.

.......................................................................................................................

<u>વ.કા.નં.-૧૩.</u>

<u>વિષય</u> :- વલસાડ નગરપાલિકાના વહીવટી શાખા દ્વારા વર્ષ-૨0૨૩-૨૪ ના છાપકામ, ઝેરોક્ષ , ફોટોગ્રાફી તેમજ કોમ્પ્યુટર રીપેરીંગ/નવા પાર્ટસ ખરીદી અંગેના આવેલ ટેન્ડર અંગેના ભાવ પત્રક મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, તા.૧0-0૧-૨0૨૩ ના રોજ વલસાડ નગરપાલિકા તરફથી માહિતી નિયામકશ્રી , વલસાડ મારફતે ગુજરાત સમાચારમાં અને દિવ્ય ભાસ્કરમાં તા.૧૧-0૧-૨0૨૩ના રોજ દૈનિક પેપરમાં આવેલ જાહેરાત મુજબ સને ૨0૨૩-૨૪ના વર્ષ માટે છાપકામ , સ્ટેશનરી , ઝેરોક્ષ , કલર ફોટોગ્રાફી, કોમ્પ્યુટર સર્વિસના કામ માટે ટેન્ડર નોટીશ પ્રસિધ્ધી કરવામાં આવેલ છે. જે તા.૧૯-0૧-૨0૨૩ સુધીમાં રજી.પો.એ.ડી.થી ટેન્ડરો મંગાવવામાં આવેલ હોય. જે સમય મર્યાદા દરમ્યાન કુલ-૧૧( અગિયાર) અલગ અલગ એજન્સીઓના નીચે જણાવેલ ટેન્ડરો અત્રેની કચેરીએ મળેલ છે. જે તા.0૧-0૨-૨0૨૩ ના રોજ ચીફ ઓફિસરશ્રી, કારોબારી ચેરમેનશ્રી , પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકા સમક્ષ ખુલ્લા કરવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | એજન્સીના નામ / સરનામું | | | સંખ્યા |
|---|---|---|---|---|
| (૧) | છાપકામ અંગેના ટેન્ડરો | | | ૨ |
| | (૧) | શિવમ પ્રિન્ટર્સ | ખડકીભાગડા,વલસાડ | |
| | (૨) | ગણેશ પ્રિન્ટર્સ | વલસાડ | |
| (૨) | સ્ટેશનરી અંગેના ટેન્ડરો | | | ૨ |
| | (૧) | મીરલ સપ્લાયર્સ | નવસારી | |
| | (૨) | બીના સ્ટેશનરી માર્ટ | નવસારી | |

| | | | | |
|---|---|---|---|---|
| (3) | ઝેરોક્ષ અંગેના ટેન્ડરો | | | 3 |
| | (૧) | ખુશ્બુ | વલસાડ | |
| | (૨) | હેપ્પી ઝેરોક્ષ | વલસાડ | |
| | (3) | ગજાનંદ ઝેરોક્ષ | વલસાડ | |
| (૪) | કલર ફોટોગ્રાફી તથા વિડીયો ગ્રાફી અંગેના ટેન્ડરો | | | ૨ |
| | (૧) | મેઘદૂત ટુડે | ભાગડાવડા ,વલસાડ | |
| | (૨) | અલમાસ અબ્દુલ રહેમાન મેમન | સ્ટેશન રોડ,વલસાડ | |
| (૫) | કોમ્પ્યુટર સર્વિસ ટોનર રીફીલીંગ વિગેરે અંગેના ટેન્ડરો | | | ૨ |
| | (૧) | એમ.કે.કોમ્પ્યુટર્સ | વલસાડ | |
| | (૨) | લોંગઓન કોમ્પ્યુટર્સ | વલસાડ | |
| | કુલ | | | ૧૧ |

ઉપરોક્ત આવેલ કુલ-૧૧(અગીયાર ), ટેન્ડરો ચીફ ઓફિસરશ્રી, કારોબારી ચેરમેનશ્રી, પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકા સમક્ષ ખુલ્લા કરવામાં આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક બનાવી રજુ કરેલ છે.

ઉપરોક્ત આવેલ ટેન્ડરોના ભાવોનું તુલનાત્મક પત્રકો જોતાં, એકંદરે છાપકામના, સ્ટેશનરીના, ઝેરોક્ષના, કલર ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફીના , કોમ્પ્યુટર સર્વિસ ટોનર રીફીલીગ ના આવેલ ટેન્ડરોમાં તુલનાત્મક પત્રકમાં લાલ રંગથી દર્શાવેલ ભાવો સોથી ઓછા આવેલ છે. સદરહું ઓછા આવેલ ભાવોના ટેન્ડરરો સાથે નેગોશીએશન કરવાનું તથા જે તે ટેન્ડરરો સાથે નેગોશીએશન કર્યા બાદના આવેલ ભાવો મંજુર કરી, મંજુર કરેલ ભાવોએ કામગીરી કરાવવાનું તથા ટેન્ડરરો સાથે જરૂરી કરારખત કરાવી લેવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.-૨૭૮ / તા.:૦૪-૦૨- ૨૦૨૩.

.......................................................................................................................

<u>વ.કા.નં.-૧૬ .</u>

<u>વિષય</u> :- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અંતર્ગત ઘર વિહોણા લોકો માટે આશ્રયસ્થાન ઘટક હેઠળ વલસાડ નગરપાલિકા વિસ્તારમાં બનાવવામાં આવેલ આશ્રય સ્થાન (નાઈટ શેલ્ટર) હોમમાં ગેસ કનેક્શન કરાવવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, દીન-દયાલ અંત્યોદય યોજનારાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના અંતર્ગત ઘર વિહોણા લોકોને મૂળભૂત માળખાકીય સુવિધાઓ  સાથે કાયમી શેલ્ટર પૂરૂં પાડવાની જોગવાઈ છે જે મુજબ વલસાડ નગરપાલિકા વિસ્તારમાં સ્પોટ્સ કોમ્પલેક્ષ પાછળ , શાકભાજી માર્કેટ નજીક પ્રાથમિક સુવિધાઓ સાથે શેલ્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સદર શેલ્ટર હોમમાં આશ્રીતોને નાહવા તેમજ જમવાની સગવડ કરવાની હોય છે જેને માટે શેલ્ટર હોમમાં ગેસ કનેક્શન કરવાની જરૂર હોય આ સાથે ગુજરાત ગેસ લિમિટેડનું કવોટેશન રૂ.૨૪૨૧૬/- અંકે રૂ. ચોવીસ હજાર બસો સોળ પુરા મંજુર કરી ગેસ કનેક્શન મેળવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૮૧ / તા.:0૪-0૨- ૨૦૨૩.

..........................................................................................................................

વ.કા.નં.-૧૯.

વિષય :- ઈ.ચા. હેડ ક્લાર્ક તરીકેની કામગીરી કરતાં શ્રી પ્રવિણભાઈ એસ. ચાસીયાને નિયમ મુજબ ચાર્જ એલાઉન્સ આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યુ કે, વલસાડ નગરપાલિકાના આર.ટી.આર. ક્લાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રી પ્રવિણભાઈ એચ.ચાસીયાને તા.:0૭/0૧/૨૦૨૩ના રોજ વહીવટી શાખામાં ઈ.ચાર્જ હેડ ક્લાર્ક તરીકેની કામગીરીનો ઓર્ડર આપવામાં આવેલ છે. તે મુજબ શ્રી પ્રવિણભાઈ એચ.ચાસીયા, ઈ.ચાર્જ હેડ ક્લાર્ક તરીકેની કામગીરી સંભાળે છે. તેઓએ સરકારશ્રીના નિયમ મુજબ ૧0ટકા ચાર્જ એલાઉન્સની માંગણી કરેલ છે. જે ધ્યાને લઇ નિયમ મુજબ ૧0ટકા ચાર્જ એલાઉન્સ આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં, વહીવટી શાખામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતાં શ્રી સંજય સી. ભંડારી , વહીવટી શાખાના ક્લાર્કની કામગીરી, ઉપરાંત ઈ.ચાર્જ કારોબારી સીનીયર ક્લાર્ક (અપગ્રેડ)ની જગ્યાના વધારાની કામગીરી સંભાળે છે. તેમને પણ ૧0ટકા ચાર્જ એલાઉન્સ આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા. સ. ઠ. નં.- ૨૮૫ / તા.:૦૪-૦૨- ૨૦૨૩.

..........................................................................................................................

<u>વ.કા.નં.-૨૩.</u>

<u>વિષય</u> :- વલસાડ નગરપાલિકા હદના વોર્ડ નં.૦૧માં આવેલ શહીદ ચોક વિસ્તારમાં શાકભાજી /મચ્છી / મીટ માર્કેટ નવી બનાવવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદના વોર્ડ નં.૦૧માં આવેલ શહીદ ચોક વિસ્તારમાં શાકભાજી/મચ્છી/ મીટ માર્કેટ ઘણા વર્ષોની જૂની અને જર્જરીત હાલતમાં હોય, જેને સરકારની ધારાધોરણ મુજબ GPCB ( ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ) ના નીતિ નિયમો મુજબ સદર માર્કેટો નવી બનાવવા માટેની અરજી આવેલ છે. જેમાં જણાવ્યા મુજબ સદર માર્કેટો નવી બનાવવાથી આજુબાજુ થતી ગંદકી રસ્તા ઉપર બેસતા ફેરિયાઓ / લારીવાળાઓના કારણે ટ્રાફિક સમસ્યાનો પણ પ્રશ્ન ઉપસ્થિત થતો હોય નવી માર્કેટો બનાવવાથી તમામ સમસ્યાઓ / ફરિયાદો દુર થતી હોય જે બાબતે વોર્ડ નં.૦૧નાં સભ્યોશ્રીઓની આવેલ અરજીમાં જણાવેલ રજૂઆતોને ધ્યાને લઇ, સદરહું કામ નીતિ વિષયક હોય, નિયમોનુસાર કાર્યવાહી કરાવવા અંગે, ચીફઓફિસરશ્રી-વલસાડ નગરપાલિકાને સાદર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

